# મોડાસામાં ધોળે દહાડે ૭ લાખની દિલધડક લૂંટ

## માલપુર રોડ પરની ફાઈનાન્સ કર્મચારી પાસેથી રૂપિયા ૭ લાખની લૂંટ ચલાવી બાઈક સવાર પલાયન






મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લા અને મુખ્ય મથક મોડાસા શહેરમાં દિન પ્રતિદિન ચોરી, લૂંટફાટ, ચીલઝડપ, ચેઈન સ્નેચીંગ અને ઘરફોડીયાઓનો આતંક વધી રહ્યો છે. મુખ્યમથક મોડાસા શહેરમાં જિલ્લા પોલીસતંત્ર અને ટાઉનપોલીસ તંત્રની નિષ્કાળજી આંખે ઉડીને વળગે તેવી રોજબરોજની ઘટનાઓ બની રહી છે. શનિવારે બપોરે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી ખાનગી ફાયનાન્સ કંપનીનો કર્મચારી ૭ લાખ રૂપિયાનો થેલો ભરીને બેંકમાં રૂપિયા ભરવા જતો હતો ત્યારે બાઈકસવાર ચોરોએ કર્મચારીને ધક્કો મારી રૂપિયા ભરાવેલો થેલો લઈને ફરાર થઈ જતાં હાહાકાર મચી ગયો હતો. ચોરીની ઘટનાની ગંભીરતા સમજી ડીવાયએસપી સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ધોળા દિવસે લૂંટની ઘટના બનતા શહેરીજનોમાં ફફડાટ ફેલાયો છે.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી મુથુટ ફીનકોર્પ નામની કંપનીમાં ફરજ બજાવતા હારૂન મોડાસીયા તેની બ્રાન્ચ ઓફીસમાં આવેલી રોકડ રકમ બેગમાં લઈ ૨૦૦ મીટર દૂર આવેલી આઈ.સી.આઈ.સી.આઈ. બેન્કની બ્રાન્ચમાં ૭ લાખ રૂપિયા રોકડા જમા કરાવવા જતા અગાઉથી રેકી કરીને લૂંટ ઘટનાને અંજામ અપાયો હોય તેમ બે અજાણ્યા બાઈકસવારોએ હારૂન મોડાસીયાને ધક્કો મારી નીચે પાડી દઈ હાથમાં રહેલો થેલો ઝુંટવી લઈ આંખના પલકારામાં ફરાર થઈ ગયા હતા. ફાઈનાન્સ કંપનીના કર્મચારીએ બુમાબુમ કરતા આજુબાજુથી ધંધા રોજગાર ધરાવતા દુકાનદારો દોડી આવ્યા હતા. આ ચોરીની ઘટના અંગે કર્મચારીએ ઓફીસને જાણ કરતા ૭ લાખ રૂપિયાની ચોરીની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને કરાવતા ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવી ચોરીની ઘટના જાણી બાઈકસવાર ચોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

માલપુર રોડ પર બપોરે અચાનક ૭ લાખ રૂપિયાની લૂંટ ચલાવી બાઈક પર આવેલા બે બાઈક સવારો પલાયન થઈ જવાની ઘટના બનતા શહેરીજનોમાં મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને વારંવાર ચોર લુંટારૂ ગેંગ દ્વારા શહેરીજનો ધંધા રોજગારના સ્થળો અને રહેણાંક વિસ્તારને ટાર્ગેટ બનાવી લૂંટ ચલાવાતી હોવા છતાં પોલીસતંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહિ ન કરાતા ઉગ્ર રોષ ફાટી નિકળ્યો હતો.

# મોડાસામાં સિઝનની સૌથી વધુ ૪૪.૬ ડિગ્રી ગરમી : જનજીવનને માઠી અસર



અરવલ્લી જિલ્લામાં અને મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી ગરમીનો પારો ઉંચકાવા માંડ્યો છે. મોડાસા શહેરના તાપમાનમાં ૩.૬ ડિગ્રીનો વધારો થતા શનિવારે સીઝનની સૌથી વધુ ગરમી ૪૪.૬ ડીગ્રી નોંધાઈ હતી.

આકાશમાંથી અગનગોળા વરસાવતી ગરમીથી જનજીવન પર અસર થઈ હતી. સવારથી જ સૂર્યના સીધા કિરણોથી દેહ દઝાડતી ગરમીને કારણે લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. બપોરના સમયે તો માર્ગો પણ સૂમસામ ભાસતા હતા. ન છુટકે બજારમાં કામકાજ અર્થે નિકળેલા લોકોએ ચામડી પર બળબળતાનો અનુભવ થયો હતો. છેલ્લા બે દિવસથી જિલ્લામાં ફુંકાઈ રહેલા સૂકા પવનના કારણે જિલ્લામાં જનજીવન પ્રભાવિત બન્યુ છે. આવનારા દિવસોમાં ઉનાળો હજુ આકરો બનવાના હવામાન વિભાગના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# જગાણા મુકામે મેલેરીયા દિવસની ઉજવણી કરાઈ



પાલનપુર, તા.૩૦

પાલનપુર તાલુકાના જગાણા મુકામે આંબેડકર હોલ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી ઉજવણી કરવામાં આવી હતી. સમાજમાં થતો મેલેરીયા રોગ અને તેના નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવતી સેવા અને સુવિધા સારવાર અને અટકાયતી પગલાંની માહિતી ફિલ્મ શો ધ્વારા આપવામાં આવી હતી. વિશાળ સંખ્યામાં લોકોએ આરોગ્યને લગતી જાણકારી મેળવી હતી. સ્વચ્છતા અભિયાન ધ્વારા રોગો ન થાય અને દેશમાં મેલેરીયા નિયંત્રણ થાય તેવા પ્રયત્ન કરવા મેડિકલ ઓફિસરશ્રી ડૉ.ડી.બી.પરીખ તથા ડૉ. પી.આર.પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ગામના સરપંચશ્રી વસંતભાઈ દવે તથા લાયન્સ કલબના પ્રમુખ કનુભાઈ દવેએ પ્રાસંગીક ઉદબોધન કર્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા હેલ્પ વર્કર બહેનો તથા આશા બહેનોએ ગામમાં ઘરે ઘરે ફરીને માહિતી આપી હતી.

# તલોદ કોલેજના સંચાલક મંડળની ચૂંટણી યોજવા આદેશ

તલોદ, તા. ૩૦

૬૦ વર્ષ પહેલા જુના સાબરકાંઠા જિલ્લાના તલોદમાં સ્થપાયેલા આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજના સંચાલન મંડળની સંસ્થાના બંધારણ મુજબ ચૂંટણી થતી ન હતી તેથી ચૂંટણી માટે છેલ્લા પંદર વર્ષથી થઈ રહેલા પ્રયાસોના પરીણામ રૂપે ગુજરાત રાજ્યના ચેરીટી કમિશ્નરે ન્યાય પરચુરણ અરજી નં. ૫૬/૨૦૧૫ની ત્રણ કલાકની સુનવણી બાદ તા. ૨૭-૪-૨૦૧૬ની મુદતના રોજ ચેરીટી કમિશ્નરે બંધારણ વિરૂદ્ધ માજી પ્રમુખ હિતેન્દ્રભાઈ ઉપાધ્યાયે બોલાવેલ તા. ૩૦-૮-૨૦૧૫ની સામાન્ય સભા રદ થવા પાત્ર હોઈ ચેરીટી કમિશ્નરની કચેરીના અધિકારીના નિરીક્ષણ નીચે સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળના વહીવટદાર ડૉ. જગદીશભાઈ પટેલ દ્વારા મંડળની ચૂંટણી કરવાનો રાજ્ય ચેરીટી કમિશ્નર યશવંતભાઈ શુક્લએ હૂકમ કર્યો છે. ઓર્ડરમાં સ્પષ્ટ જણાવેલ છે કે વહીવટદારે ચૂંટણીની પ્રક્રિયા ત્રણ માસમાં ચેરીટી કમિશ્નર અધિકારીના નીરીક્ષણ નીચે પુરી કરવાની રહેશે. અને આ માટે ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ દૈનિક અખબારમાં પ્રસિદ્ધ કરીને તેનો બહોળા પ્રયાસ કરીને જે ચાલુ સભ્યો છે તેવા સભ્યો અને જેમની ટર્મ પુરી થઈ ગઈ છે તે બાના નીચે જેમના નામ મતદાર યાદીમાં કાઢી નાંખેલ છે તેવાઓ પણ બંધારણની જોગવાઈ નીચે નક્કી થયેલ ફી (દાન) આપીને પોતાનું સભ્યપદ રીન્યુ કરાવી શકશે. વધુમાં ખાસ એ પણ જણાવેલ છે કે જેમને નવા સભ્યો તરીકે દાખલ થવું હોય તેમને બંધારણની જોગવાઈ નીચે તે તમામ નવા સભ્યોની ફી (દાન) લઈને નવા સભ્યો પોતાનું નામ નોંધાવીને મહામંડળની ચૂંટણીમાં ભાગ લઈ શકશે.

આ સંસ્થાના સ્થાપક પૈકીના તથા કારોબારીના કાયમી સભ્ય કનુભાઈ પટેલના સતત પ્રયાસો બાદ આ પરીણામ આવવાથી ચૂંટણી માટે કનુભાઈ પટેલે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલી સ્પેશીયલ સીવીલી એપ્લીકેશન નં. ૧૮૫૧૩/૨૦૧૫ની તા. ૨૬-૬-૨૦૧૫ની મુદતના દિવસે પાછી ખેંચવાની જાહેરાત છે તેની સાથે સાથે તેઓએ જાહેરમાં સંસ્થાના પ્રમુખ હિતેન્દ્રભાઈ ઉપાધ્યાય દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટદારનો ઓર્ડર રદ કરીને ફરી પાછા હોદ્દા ઉપર આવવા માટેની તેઓની સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૧૮૪૫૯/૨૦૧૫ની તા. ૨૧-૬-૨૦૧૬ની મુદતે સંસ્થાના સર્વત્તમહિતમાં પાછી ખેંચી લેવા માટે ચાર હોદ્દેદારને જાહેરમાં વિનંતી કરી છે. આ સંસ્થા જે તે સમયે બે મંત્રીઓ પ્રગતીના પ્રેરણા સમાન કામ કરી ગયા છે તે સ્વ. શાન્તુભાઈ પટેલ તથા સ્વ. તારાચંદભાઈ ગાંધીએ સભ્યો નોંધીને જે તે સમયે ફંડ ભેગુ કરેલ પણ તે બન્નેના અવસાન બાદ નવા સભ્યો નોંધીને ફંડ ભેગુ કર્યું નથી પરંતુ આ સમયે પ્રાંતિજ અને તલોદ તાલુકાની સામાન્ય વર્ગ અને ગરીબ વર્ગના કુટુંબના બાળકો જુદા જુદા કોર્સના અભ્યાસ માટે લાંબા અંતરે મુસાફરી કરીને મોટુ ખર્ચ કરવું પડે છે તેને નજર સમક્ષ રાખતી આ સંસ્થા જુદી જુદી ફેકલ્ટીઓ ઉભી કરવા, દાનની રકમ ભેગી કરવા બન્ને તાલુકાના જાહેર જીવન આગેવાન રાજકીય પક્ષ પાત છોડીને મંડળના હવે પછીના સંચાલનમાં ભાગ લેવાના સનીષ્ટ પ્રયાસો થવાના હોવાથી જુદા જુદા સમાજના નાગરીક ભાઈ-બહેનો સંસ્થામાં મંડળના સભાસદ થાય તેવા સંજોગો ઉભા થયા છે.

# પ્રાંતિજમાં બનતા ગુના રોકવા અને તેના ભેદ ઉકેલવા પોલીસ નિષ્ફળ : પ્રજામાં ઉગ્ર રોષ

પ્રાંતિજ, તા. ૩૦

પ્રાંતિજ તથા તાલુકામાં જાણે ક્રાઈમનો છુટોદોર આપ્યો હોય તેમ પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ વિસ્તારોમાં એક પછી એક ક્રાઈમમાં વધારો થતો જોવા મળ્યો છે અને વધતા જતા ક્રાઈમ રોકવા તથા ભેદ ઉકેલવામાં પોલીસનું ભેજુ અને હાથ ટુંકા પડતા હોય તેવું હાલ તો જણાઈ આવે છે.

પ્રાંતિજ સહિત તાલુકામાં હમણાં-હમણાં ક્રાઈમના ગુનાઓમાં વધારો થયો છે ત્યારે ગુજરાતના સલામતીના દાવાઓ ફોગટ નિવડતા હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે ત્યારે પ્રાંતિજથી માત્ર પાંચ કિલોમીટર અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર વડવાસા પાટીયા પાસે રાત્રીના આઠ વાહના ચાલકોને લુંટારા ટોળકી દ્વારા બંધક બનાવી માર મારી નશીલો પદાર્થ સુંગાડી બેહોશ કરીને લુંટ કરી હતી અને એ ઘટનાને પ્રાંતિજ તથા તાલુકાના લોકો ભુલ્યા ન હતા ને ફરી ધોળા દહાડે પ્રાંતિજ બજારમાં આવેલ સ્વાગત જ્વેલર્સના માલિકને નજર ચુકવીને બે વીંટીઓ પેન્ટના ખીસ્સામાં નાખીને ભાગતા ચોરને દુકાનદારની હોંશીયારીથી બજારના લોકોએ પકડી પાડ્યો હતો. જ્યારે પ્રાંતિજના ઘડી પાસે પણ ગરનાલા નીચેથી અંદાજે ૨૫ વર્ષના અજાણ્યા યુવકની હત્યા કરેલ મૃતદેહ મળી આવ્યો હતો. છતા તેની પણ કોઈ કડી મળી નથી. ત્યારે ફરી પ્રાંતિજમાં જ અને પોલીસ સ્ટેશનની સામે બંદુકની અણીએ ૧ લાખ ૩૭ હજાર પાનસોની સોના ચાંદીના દાગીના ભરેલ બેગ બે પલ્સર બાઈક સવારો બંદુક બતાવી આંખના પલકારામાં લઈ ગયા અને સાબરકાંઠા એસ.પી., જિલ્લા વડા, એલસીબી સહિત સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને નાકાબંધી, શકમંદો સહિત લુંટારૂઓની શોધખોળ હાથ ધરી હતી. શ્રીજી જ્વેલર્સના સી.સી. કેમેરા તથા બજાર ચોક વિસ્તારના સી.રી. કેમેરાના કુટેઝો જોવામાં આવ્યા હતા પણ પોલીસને સીસીટીવી કુટેઝમાં લુંટ કરનાર બાઈક કે બાઈક સવારમાંથી કોઈનો પડછાયો પણ જોવા મળ્યો નથી. જ્યારે તા. ૨૦, ૨૫, ૨૭ સહિતના બનાવોમાં

# ગુજરાત ગૌરવ દિનની ઉજવણી માટે શિક્ષકો વિદ્યાર્થીઓને શોધવા ભર તડકે દોડતા થયા

## કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને હાજર રાખવા ગામ ખુંદી વળ્યા : બાળકો હાજર ન મળતા શિક્ષકો મુંઝાયા

મોડાસા, તા. ૩૦

૧લી મે એટલે ગુજરાત સ્થાપના દિવસ. જિલ્લામાં ગુજરાત ગૌરવ દિનની ઉજવણી માટે તંત્ર દ્વારા ત્રણ દિવસનો કાર્યક્રમ યોજવા માટે આદેશ આપવામાં આવ્યા છે. જેના પગલે શાળાઓમાં પણ વિવિધ કાર્યક્રમો યોજવાનું ફરમાન કરવામાં આવ્યું છે. પરીક્ષાઓ પૂર્ણ થતાં જ બાળકો વેકેશનની મજા માણવા જતા રહ્યા હતા પરંતુ ગુજરાત ગૌરવ દિનની ઉજવણી માટે શાળાઓમાં બાળકોને હાજર રાખી કાર્યક્રમ કરવા માટે આદેશ કરતાં શિક્ષકોમાં કચવાટ ઉભો થયો હતો. વેકેશનના સમય દરમ્યાન બાળકોને શોધવા માટે શિક્ષકો ભર તડકામાં દોડતા થયા હતા અને આખેઆખા ગામ ખુંદી વળ્યા હતા.

ગુજરાત ગૌરવ દિનની ઉજવણી દરમ્યાન શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો કરવા માટે પરિપત્રો કરી દેવામાં આવ્યા છે. પરંતુ પરીક્ષાઓ પુર્ણ થતાં જ બાળકો વેકેશનની મજા માણવા માટે બહારગામ ઉપડી જતાં બાળકોને શોધવા શિક્ષકોએ ભારે પરસેવો વહાવવો પડ્યો હતો. શિક્ષકો દ્વારા આખા ગામને ઢંઢોળવા છતાં માંડ માંડ બાળકોની પાંખી હાજરી મળતાં પાંખી હાજરી સાથે જ આ કાર્યક્રમો કરવાનો વારો આવતા શિક્ષકોમાં ભારે કચવાટ જોવા મળ્યો હતો.




અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડીયાના છેલ્લા પાંચ-છ વર્ષમાં ૨૦૧૫ સહિતના અહેવાલ તેમજ અન્ય માધ્યમો દ્વારા પ્રાપ્ત થયેલી માહિતી મુજબ ગુજરાત સરકારી જીએસપીસી કંપનીનાએ કે.જી. બેસીનમાંથી જે તે વખતના મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના માનીતા અધિકારીઓએ ૨૦ ટીસીએફ ગેસ મળી આવવાની ખોટી જાહેરાત કરી અને ૨૦ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યુ હોવાનું જણાવી આ કૌભાંડ અંગે સુપ્રિમ કોર્ટની નિગરાની હેઠળ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા તપાસ હાથ ધરવાની માંગ સાથે જિલ્લા મથક મોડાસા શહેરમાં ધરણાંનો કાર્યક્રમ યોજાયો હતો. આ ધરણા કાર્યક્રમમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસીંહ પુવાર, મોડાસા શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા, પ્રદેશ મંત્રી નારણભાઈ પટેલ, તા. પંચાયત પ્રમુખ સોમસીંહ ખાંટ, જિલ્લા પંચાયત સદસ્ય ચિરાગ ઉપાધ્યાય, કલાબેન ભાવસાર, અમીત મકવાણા, અનુ. જાતિના પ્રમુખ નિકુંજ પરમાર, રેવાભાઈ ભાંભી હાજર રહી ભારે સૂત્રોચ્ચાર કર્યો હતો.

# માલપુર અને મેઘરજ ખાતે લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૩૦

રાજ્ય સરકારના પ્રજાલક્ષી કાર્યક્રમો પૈકી લોકસંવાદ સેતુ કાર્યક્રમનું મહત્વ જાણીતુ છે. સરકારની સુચના અનુસાર અરવલ્લી જિલ્લામાં પણ લોક સંવાદ સેતુ કાર્યક્રમનો આરંભ અગાઉ બાયડ ધનસુરા મોડાસા ભિલોડા ખાતે કરવામાં આવેલ હતો. ત્રીજા તબક્કામાં માલપુર ખાતે મામલતદાર કચેરી ખાતે સવારે ૧૦.૦૦ વાગે લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાઈ ગયેલ છે. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર તેમજ રાજ્યકક્ષાના અને બાળવિકાસ મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આ લોકસંવાદ સેતુમાં કુલ ૧૦૬ પ્રશ્નો હતા જેવા કે પાણીના પ્રશ્નો, વીજળી પ્રશ્નો, આંગણવાડીના મકાનો બનાવવાના, પ્રશ્નો ગ્રામ્ય વિસ્તારમાં માર્ગ મકાનના પ્રશ્નો, સિંચાઈ માટે કેનાલ દ્વારા પાણીના પ્રશ્નો, પીવાના પાણીના પ્રશ્નો, હાથ ધરવામાં આવ્યા હતા. આ લોકસંવાદસેતુ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુધીરભાઈ પટેલ, જિલ્લા પ્રભારી સચિવશ્રી આર.એમ. જાદવ, અરવલ્લી જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, પ્રાંત અધિકારી મોડાસા તાલુકા વિકાસ અધિકારી મોડાસા પોલીસ અધિક્ષકશ્રી તેમજ માન્ય પદાધિકારીઓ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. લોકસંવાદ સેતુ કાર્યક્રમ બાદ જિલ્લા પ્રભારી સચિવ આર.એમ. જાદવે કહ્યું હતું કે આ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં મોટાભાગના પ્રશ્નો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવેલ છે તેમજ નીતિ વિષયક પ્રશ્નો અંગે સરકારમાં રજુઆત કરવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું. આ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદી, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પ્રભારી સચિવ, મોડાસા પ્રાંત અધિકારી, જિલ્લા ભાજપ પ્રમુખ, ભિલોડાના ધારાસભ્ય ડૉ. અનિલભાઈ જોષીયારા, ડેપ્યુટી કલેક્ટર એસ.બી. પટેલ, પ્રાયોજન અધિકાર તેમજ અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આજે 'રન ફોર ગુજરાત'

## સ્પોર્ટસ ઓથોટી ઓફ ગુજરાત અને અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન

મોડાસા, તા. ૩૦

રાષ્ટ્રીય તહેવારો તથા ગુજરાત ગૌરવ દિનની રાજ્ય કક્ષાની ઉજવણી રાજ્યના અલગ અલગ જિલ્લા મથકે યોજવાનો રાજ્ય સરકારનો અભિગમ રહેલ છે. તેમજ રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી તથા ગુજરાત ગૌરવ દિનની ઉજવણી રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ યોજાય તે માટે ૧લી મે ૨૦૧૬ ગુજરાત રાજ્યના સ્થાપના દિન નિમિતે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સ્પોર્ટસ ઓથોટી ઓફ ગુજરાત ગાંધીનગર તેમજ જિલ્લા વહીવટી તંત્ર અરવલ્લી દ્વારા આયોજિત "રન ફોર ગુજરાત" દોડ અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. "રન ફોર ગુજરાત " દોડ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા ભાઈઓ તથા બહેનોએ રજીસ્ટ્રેશન કરવાનું ફરજિયાત છે. રજીસ્ટ્રેશન માટે શાળાઓ તેમજ કોલેજો દ્વારા રૂબરૂ અથવા ફોનથી રજીસ્ટેશન કરાવી શકો છો. વિશેષમાં જણાવવાવું કે દરેક ભાઈઓ તથા બહેનોએ સફેદ વસ્ત્રો પહેરીને દોડમાં ભાગ લેવા માટે વિનંતી કરવામાં આવી છે.

# સાબરકાંઠા જિલ્લામાં ૮મીએ તમામ તાલુકા મથકે લોકઅદાલત યોજાશે

મોડાસા, તા. ૯

નામદાર રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, ન્યુ દિલ્હીના આદેશ અન્વયે તથા નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદના માર્ગદર્શન હેઠળ તથા મે. શ્રી અધ્યક્ષ સાહેબ, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરના સફળ સંચાલન હેઠળ, જિલ્લાના તમામ બાર એસોસીએશનના સહયોગથી તા. ૮મી મે, ૨૦૧૬ને રવિવારના રોજ સમગ્ર જિલ્લામાં જિલ્લા કક્ષાએ તથા સાબરકાંઠા જિલ્લામાં તમામ તાલુકા કક્ષાએ તમામ કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ રાષ્ટ્રીય લોક અદાલતમાં તા. ૮-૫-૨૦૧૬ના રોજ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ કરવામાં આવેલી ફરીયાદોને લગતા કેસો તેમજ સમાધાનને પાત્ર હોય તેવા કેસોનું સમાધાનકારી વલણથી ઝડપી નિરાકરણ લાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી પક્ષકારોએ આ પ્રકારના કેસોનો સમાધાનકારી વલણથી ઝડપી નિકાલ થઈ શકે અને આ લોક અદાલતમાં વધુને વધુ કેસોનો નિકાલ થાય તે માટે સંનિષ્ટ પ્રયત્નો નામદાર અધ્યક્ષશ્રી, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તથા અધ્યક્ષશ્રી, તાલુકા કાનુની સેવા સમિતિ, જિલ્લાના તમામ બાર એસોસીએશનના સભ્યો તથા સ્ટાફના સભ્યો સાથે મળીને દરેકના સાથ સહકારથી હાથ ધરવામાં આવેલ છે. જેથી આ રાષ્ટ્રીય લોક અદાલતમાં મોટી સંખ્યામાં કેસોનો નિકાલ થયાની ખાસ વકી છે.

તો, આ રાષ્ટ્રીય લોક અદાલતમાં કોઈપણ પક્ષકાર પોતાના કેસનું સમાધાનકારી વલણથી ઝડપી નિરાકરણ લાવવા માટે જિલ્લા કક્ષાએ, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સેક્રેટરીશ્રી તથા તાલુકા કક્ષાએ તાલુકા કાનુની સેવા સમિતિના અધ્યક્ષશ્રીનો તાત્કાલિક સંપર્ક કરી શકે છે. સદર રાષ્ટ્રીય લોક અદાલતમાં સમાધાન થયેલ કેસોમાં પક્ષકારો આ તકનો મહત્તમ લાભ મેળવી શકે તે માટે આ લોક અદાલમતાં જે કોઈ વ્યક્તિ કે પક્ષકાર પોતાનો કેસ મુકવાની ઈચ્છા ધરાવતા હોય તેમણે તુરંત જ સંબંધિત અધિકારી કે કચેરીનો સંપર્ક કરી આ લોક અદાલતનો ખાસ લાભ મેળવવા જાહેર જનતાને અપીલ કરાઈ છે.